**નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના મહેકમ પરની કચેરી અધિક્ષક, વર્ગ-૩ ની એક હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ રસબ/૧૦૯૦/૨૬૪૫/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨/૯/૨૦૧૪.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૨૭/૮/૧૯૯૧ ના ઠરાવ ક્રમાંકઃ રસબ/૧૦૯૦/૨૬૪૫/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ રસબ/૧૦૯૦/૨૬૪૫/ફ.
(૩) નિયામક સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ, અમદાવાદના તા.૨૯/૫/૨૦૧૪ પત્ર ક્રમાંકઃ-નસકપ/૯૮/મકમ-૪/૧૧/૨૦૧૪/૧૭૦૯.

**ઠ રા વઃ-**

ઉકત ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૨૭/૮/૧૯૯૧ ના ઠરાવથી નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના મહેકમ પર કચેરી અધિક્ષક, વર્ગ-૩ ની ૦૧ (એક) હંગામી જગ્યા ઉભી કરવામાં આવેલ હતી. નાણાં વિભાગની સ્થાયી સુચનાઓ તેમજ મંજુરી અન્વયે પ્રસ્તુત હંગામી જગ્યાને વખતોવખત ચાલુ રાખવામાં આવેલ હતી. છેલ્લે ઉકત ક્રમાંક(૨) ના હુકમથી આ જગ્યાને તા.૨૮/૨/૨૦૧૫ સુધી હંગામી જગ્યા તરીકે ચાલુ રાખવામાં આવેલ છે.

કચેરી અધિક્ષક, વર્ગ-૩ ની પ્રસ્તુત જગ્યા ઘણા વર્ષોથી હંગામી જગ્યા તરીકે ચાલુ રાખવામાં આવતી હોવાથી નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા ઉકત ક્રમાંક (૩) થી આ જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના મહેકમ પર કચેરી અધિક્ષક, વર્ગ-૩ ની ૦૧ (એક) હંગામી જગ્યા ઘણા સમયથી ભરાયેલ હોય તથા જગ્યાની જરૂરીયાતને ધ્યાને લઇ પ્રસ્તુત હંગામી જગ્યાને નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

**શ ર તોઃ-**

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૨૩૫ – સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ગૌણ સદર–૨૦૦ યોજનાઓ પેટા સદર (૨) સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૬૦ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ) ની તા.૨૮/૮/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૪. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. શાખા સિલેકટ ફાઇલ.